જાહેર નોટીસ - એસ.સી.વાણીયા, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સુરત શહેર પુણા, સુરતની કોર્ટમાં
નં.એમએજી/જ.મ.પ્ર/એસ.આર.નં.૧૧૬/૨૦૨૫
તા.૧૦/૧૨/૨૦૨૫

વાદી :- નીરૂબેન નટવરભાઈ રાઠોડ, રહે.મંદિર ફળીયું, કઠોદરા, કામરેજ, સુરત.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી ઈસટ ઝોન-બી, સુરત મહાનગર પાલિકા સુરત

વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/ મરણ ની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી નીરૂબેન નટવરભાઈ રાઠોડ, રહે.મંદિર ફળીયું, કઠોદરા, કામરેજ, સુરત ના પતિ નટવરભાઈ છગનભાઈ રાઠોડનું મરણ તા.૧૮/૦૨/૨૦૦૫ના રોજ મંદિર ફળીયું, કઠોદરા, કામરેજ સુરત ખાતે થયેલ છે.અને તેઓના મરણ ની તારીખ જાહેર કરી મરણની નોંધણી જન્મમરણ રજીસ્ટર કરાવવા અને સામાવાળા પાસેથી મરણદાખલો મેળવવા અગ્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. તો સદરમરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો તેમણે અગ્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં વાંધો રજૂ કરવો.જો નિયત સમયમાં વાંધો રજુ કરવામાં આવશે નહી તો કામમાં કોઈ વાંધા/વિરોધ નથી તેમ સમજી કામના ગુણદોષ આધારે નિયમોનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી અને તે તમામને બંધનકર્તા રહેશે.

આજ રોજ તા.૧૦/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (એસ.સી.વાણીયા)
એક્ઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સુરત શહેર પુણા, સુરત

: જાહેર નોટીસ :

નવસારી જીલ્લાના જલાલપુર તાલુકાના મોજે ગામ છીણમના જુના સર્વે/બ્લોક નંબર : ૩૩૧, રી-સર્વે બાદ નવા સર્વે/બ્લોક નંબર : ૪૭૧ વાળી જુની શરતની ખેતીની જમીન જેનુ ક્ષેત્રફળ હે.આરે. ૩-૫૪-૧૧ ચો.મી. વાળી જમીન તેના માલીકો (૧) જયેશકુમાર રમણલાલ વશી તથા (૨) હર્ષદરાય રમણલાલ વશી નાએ સદરહુ જમીન પોતાની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હોવાનુ જણાવી અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. સદર જમીન અંગે કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દરદાવો કે કબજો ભોગવટો કે કોઈપણ પ્રકારનો બોજો હોય આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તે અંગેના લેખીત પુરાવાઓ સહીત અમારો રૂબરૂ સંપર્ક કરી તે અંગેના વાંધાઓ નોંધાવવા સદર મુદત દરમ્યાન કોઈનાં કોઈપણ પ્રકારનાં વાંધા વિરોધ નોંધાવવામાં નહી આવે તો મજકુર જમીન અંગે કોઈનો કોઈપણ પ્રકારના હક્કો રહેલ નથી અને હોય તો તે જતા કરેલ છે તેમ સમજી અમારા અસીલ સદર જમીનનો કાયદેસરના લખાણો કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી. તા.૦૫-૦૧-૨૦૨૬

ઓફીસ : દુકાન નં.૧૪, ખટોદરા ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી, ખટોદરા વાડી, સુરત, મો. ૮૮૬૬૧ ૩૧૪૫૪, ૯૯૨૫૨ ૯૯૦૯૨

અમારી મારફત **જનક જે. બારડોલીયા** એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સબ- ડીસ્ટ્રીકટ, સીટી તાલકુાના શહેર સુરતના ઘોડ દોડ રોડ ઉપર આવેલ **ટી.પી. સ્કીમ નં. ૫ (અઠવા)ના ફાયનલ પ્લોટ નં. ૧૨૭ પૈકી** વાળી જમીન, જેને સુરત સીટી સર્વેના **વોર્ડ નં. ૧૩ (અઠવા)**ના **નોંધ નં. ૨૦૪૯ (અઠવા)**ના **નોંધ નં. ૨૦૪૯** એલોટ કરવામાં આવેલો છે. તે ઉપર સહકારી મંડળીઓના કાયદા અન્વયે નોંધાયેલ **રેણુકા કો. ઓ. હા. સો. લીમીટેડે** બાંધેલ **''રોયલ પેલેસ''** નામે ઓળખાતી ઈમારતમાં ત્રીજા માળે આવેલ ફલેટ નં. ૩૫૦ વાળી મીલકત, કે જેનું સુપર બીલ્ટઅપ એરીયાનું ક્ષેત્રફળ ૨૩૩૫ ચો.ફૂટ યાને ૨૧૭ ચો.મી., જેનો બીલ્ટઅપનું ક્ષેત્રફળ : ૧૬૯.૨૬ ચો.મી. તથા સોસાયટી તરફથી આપેલ **શેર સર્ટીફીકેટ નંબર : ૮૫** તે શેર નાં ટ્રાન્સફરનો તમામ હકકો સહિતની મીલકત **શ્રી નિકુલ જીવાભાઈ પટેલએ** પોતાની સ્વાતંત્ર માલિકી કબજા ભોગવટા, વહીવટવાળી મીલકત હોવાનું જણાવીને તેમના કુ.મુ. તરીકે **રીતેશ જીવાભાઈ પટેલની** નિમણુક થકી **શ્રી જયેશભાઈ રસીકલાલ કોઠારી** ને તા: ૬-૮-૨૦૨૨ ના રોજ વેચાણ દસ્તાવેજ કરી આપેલ હતો. જેથી હાલમાં **શ્રી જયેશભાઈ રસીકલાલ કોઠારીએ** સદર મિલકત તેઓના સ્વાતંત્ર માલિકી, કબજા ભોગવટા અને વહીવટવાળી હોવાનું જણાવીને અમારા અસીલ **ભાવિની વિજય પટેલને** વેચાણ આપવાનું નકકી કર્યું છે. અને અમારા અસીલ ટુંક સમયમાં સદરહુ મિલકતનો પુરેપુરો નકકી થયેલ વેચાણ અવેજ ચુકવીને પાકો વેચાણ દસ્તાવેજ **શ્રી જયેશભાઈ રસીકલાલ કોઠારી** પાસેથી કરાવી લેનાર છે. જેથી સદરહુ મિલકતમાં કોઈપણ વ્યકિત, બેંક કે સંસ્થાનો કોપઈણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિસ્સો, હિત સંબંધ કે અધિકાર હોઈ તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭** માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશેતો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ મિલકતમાં કોઈપણ વ્યકિત, બેંક કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો ભાગ, હકક, હિસ્સો, હિત સંબંધ કે અધિકાર નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધા છે એમ માની અમારા અસીલ સદરહુ મિલકતનો દસ્તાવેજ કરાવી હશે અને ત્યારબાદ ભવિષ્યમાં કોઈની કોઈપણ પ્રકારની તકરાર, દાવો ચાલશે નહીં. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા. : ૦૬-૦૧-૨૦૨૬
'પાઠક હાઉસ', ૧૦/બી-૨, બીજો માળ, ધર્મયુગ સોસા.-૨, જોગર્સ પાર્ક સામે, ઘોડદોડ રોડ, સુરત. ફોન: ૯૮૨૪૧૮૦૬૭૬

ડો. ચિંતન પાઠક
& એસોસીએટ્સ લો ફર્મ
(તે ખરીદનારના એડવોકેટ)

બૅંક ઑફ બડૌદા Bank of Baroda
લીંક રોડ શાખા, : નારાયણ સ્કવેર, નજીક, ભરૂચ-૩૯૨૦૦૧, ગુજરાત ફો નં. -૯૦૯૯૦૦૬૭૭૪ email : Linbha@bankofbaroda.com

સરફેસી એકટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ-સેકશન (૨) હેઠળ જામીનદારને નોટીસ

પ્રતિ, **શ્રી સદિકઅલી બસીરૂદિન મનસુરી (જામીનદાર)**
ઘર નં. ૨૧૦-૩ , પીંજરવાડ સુરનીપુરા ઝઘડિયા, તા અને જી.ભરૂચ, ભરૂચ- ૩૯૩૧૧૦.

મહેરબાનશ્રી,
વિષય : **શ્રીમતી અનીશાબાનુ મનસુરી** દ્વારા લીધેલ હાઉસીંગ લોન માં તમારી જામીનગીરી અંગે
૧) તમને ખબર છે તે પ્રમાણે તમે તા.૨૮.૧૨.૨૦૨૩ ના રોજ તમામ નાણાં અને નાણાકીય જવાબદારીઓના પેમેન્ટની ગેરેન્ટી આપી હતી. જે તમારી પાસેથી એટલે કે **શ્રીમતી અનીશાબાનુ મનસુરી** ની પાસેથી **રૂા.૧૭,૦૦,૦૦૦/-** વત્તા વ્યાજ સાથે ચુકવવા ઉપરના જામીન દસ્તાવેજ પ્રમાણે તમારે જામીનદાર તરીકે અમને નીચે મુજબ ની સિકયુરીટી પૂરી પાડવાની રહેશે. : ગેરંટી અંગેનું સામાન્ય ફોર્મ
૧. અમે તમને જણાવીએ છીએ કે, દેવાદાર કે જે બાકી લોનની રકમ ચુકવવામાં અસમર્થ થયા છે અને તેમનો એકાઉન્ટ નોન-પર્ફોર્મીંગ એસેટ તરીકે જાહેર થયેલ છે. આ નોટિસની કોપી તા.૧૭.૦૪.૨૦૨૫ ના રોજ જામીનદારને સકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ આપવામાં આવી હતી, તેથી દેવાદાર અસમર્થ સાબિત થતાં ગેરંટી પ્રમાણે તમારે અમને બાકીની લોન/કેડિટ કેસીલીટી બાકી રકમ **રૂા.૧૬,૮૪,૪૬૩.૩૩/- (અંકે રૂપિયા સોળ લાખ ચોર્યાસી હજાર ચારસો ત્રેસઠ અને તેત્રીસ પૈસા પુરા) + લાગુ નહી કરેલ વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** અહીં તમને ઠપકો આપીને જણાવીએ છીએ કે, આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર બાકીની રકમ ચુકવી દેવાની રહેશે. કૃપા કરી નોંધ લો કે પેરા નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણે તા.૧૭.૦૪.૨૦૨૫ મુજબ વ્યાજ ચડવાના ચાલુ રહેશે. (કોપી સામેલ).
૨. અમે આગળ તમને જણાવીએ છીએ કે, તમારી આપેલી જવાબદારીઓ કે જે ઋણ ચુકવવાની હતી તેમાં તમે અસમર્થ નીવડયા છો. અહીં તમને સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની ધારા ૧૩ની પેટા કલમ (૨) હેઠળ તમને નોટિસ આપીને ૬૦ દિવસની અંદર ચુકવી દેવા જણાવ્યુ હતું અમે આગળ તમને નોટિસ આપીને જણાવીએ છીએ કે, ઉપરની રકમ વ્યાજ સાથે ચુકવણીની તારીખ સુધીમાં ચુકવવામાં અસમર્થ થશો તો અને કલમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળના તમામ કે કોઈ પણ સત્તાનો ઉપયોગ કરવાની અમને ફરજ પડશે તેની નોંધ લેવી.
૩. અમે આગળ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૧૩) હેઠળ પેરા (૧) માં દર્શાવેલ મિલકત ના નોટીસમાં બતાવ્યા પ્રમાણેની સંપત્તિનું વેચાણ, લીઝ કે સ્થળાંતર કરવાની મનાઈ કરવામાં આવે છે.(ધંધાના સામાન્ય કામકાજ સિવાય) વધુમાં અમે એવું જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) માં જણાવેલ જોગવાઈઓનું પાલન ન કરવું તે આ ધારાની કલમ ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે.
૪. વધુમાં અમે ધારા ૧૩ની પેટા કલમ ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત-જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.
૫. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટિસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તમારી પાસેથી બાકી નીકળતી રકમના સંદર્ભમાં વધારે માગણી કરવાના અધિકાર સહિત અન્ય કોઈ અધિકાર કે રાહતની માંડવાળ તરીકે ગણવામાં નહિ આવે.

તા.૧૯.૧૨.૨૦૨૫, સ્થળ : ભરૂચ — ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, લીંક રોડ

(ભારત સરકાર, નાણા મંત્રાલય)
ઋણ વસૂલી અધિકરણ-II
ત્રીજો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, કોચરબ આશ્રમ નજીક, પાલડી, અમદાવાદ, ગુજરાત

ફોર્મ નં. ૨૨(અગાઉ ૬૨) [ડીઆરટી રેગ્યુલેશન ૨૦૨૪ નું રેગ્યુલેશન ૩૫ અને ૩૬] (આવકવેરા કાયદો, ૧૯૬૧ ના નિયમના બીજા પરિશિષ્ટનો નિયમ ૫૨(૧)(૨)] ઋણ વસુલી બેંક અને નાણાકીય સંસ્થાના એકટ ૧૯૯૩ સાથે વંચાણે લઈ

ઈ-હરાજી / વેચાણ નોટીસ
રજી. નં. એડી/કાસટી/એફિકેસેશન/ બીટ ઓફ કુમ / પબ્લીકેશન

આર.પી / આર.સી નં.	૧૦૯/૨૦૧૧	ઓ.એ. નં.	૩૦૮/૨૦૦૩
પ્રમાણપત્ર ધારક બેંક		**બેંક ઓફ બરોડા**	
વિરૂધ્ધ			
પ્રમાણીત દેવાદાર		**મેસર્સ શ્રી જલારામ ટેક્ષસટાઈલ્સ અને અન્ય**	

પ્રતિ, **પ્રમાણીત દેવાદાર નં. ૧ : મેસર્સ શ્રી જલારામ ટેક્ષસટાઈલ્સ,**
ઓફિસ : વોર્ડ નં. ૩-૧૧૯૩, ઈન્દરપુરા, ખત્રીવાડ, સુરત
કેકટરી સરનામુ : ૫૯, રોટલીવાલા કમ્પાઈન્ડ, બમરોલી રોડ, ગોવાલક, જકાતનાકા, સુરત.
પ્રમાણીત દેવાદાર નં. ૨: શ્રી ભાવેશ રતીલાલ રોટલીવાલા,
પ્રમાણીત દેવાદાર નં. ૩ : શ્રીમતી હેતલ ભાવેશ રોટલીવાલા,
પ્રમાણીત દેવાદાર નં. ૪ : શ્રીમતી ઝંખના ધર્મેશ રોટલીવાલા,
પ્રમાણીત દેવાદાર નં. ૫ : શ્રી રમેશચંદ્ર લલ્લુભાઈ રોટલીવાલા,
પ્રમાણીત દેવાદાર નં. ૬ : શ્રી ધર્મેશ રમેશચંદ્ર રોટલીવાલા
૨ થી ૬ નુ સરનામુ : વોર્ડ નં. ૩-૧૧૯૩, ઈન્દરપુરા, ખત્રીવાડ, સુરત.
પ્રમાણીત દેવાદાર નં. ૭ : શ્રી અનીલ કુમાર એમ. વાઈવાલા
૩૧/૬, ખરવર નગર, ઉધના, મગદલ્લા રોડ, સુરત.
પ્રમાણીત દેવાદાર નં.૮ : ઉધના સીટીઝન કો.ઓ. બેંક લીમિટેડ.
ઉદ્યોગ નગર, ઉધના, સુરત. એલ.આર.નં. ૧.૧ થી ૧.૪ નું રહેઠાણ ગામ. ગઘાકડા, તા. સાવરકુંડલા, જી. અમરેલી.

અહીં દર્શાવેલ પ્રમાણિત દેવાદાર નં. ૧ થી ૮ પાસે **રૂા.૧૪,૭૩,૭૯૯ (અંકે રૂપિયા ચૌદ લાખ તોત્તેર હજાર સાતસો નેવ્યાંશી પુરા)** તા.૨૬/૧૨/૨૦૦૩ ના રોજ વ્યાજ સહિત ચુકવવામાં અસફળ થયા હોય, તા.૨૩/૧૨/૨૦૧૬ ના રોજના ચુકાદા અને હુકમ અનુસાર ઓ.એ.નં.૩૬૨/૨૦૧૩ થી પસાર થયેલ મારા ચુકાદા અને હુકમનામાની શરતોમાં તા.૨૭/૧૨/૨૦૦૩ થી વ્યાજ અને રૂ. ૪૨૦૦/- ખર્ચ ની સમાવેશ થાય છે, જે મારા તા. ૧૮/૧૨/૨૦૨૫ ના હુકમ મુજબ નીચે દર્શાવેલ મિલકતો ઉપરોકત મેટર માટે ઈ-હરાજીથી વેચવામાં આવશે. હરાજીનું વેચાણ ઓનલાઈન, ઈ-હરાજી Website : https://baanknet.com ઉપર થી થશે.

લોટ નં.	મિલકતની વિગત	અનામત કિંમત (રાઉન્ડેડ ઓફ)	ઈએમડી ૧૦% (રાઉન્ડેડ ઓફ)
૧	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે જમીન અને બિલ્ડીંગ વોર્ડ નં. ૩, નોંધ નં. ૧૧૯૩, ઈન્દરપુરા, ખત્રીવાડ, સુરત, તા.ચોર્યાસી, જી.સુરત માપ ૬૧.૭૦૭૯ ચો.મીટર, બિલ્ટઅપ એરીયા આશરે ૨૩૫૯ ચો.ફુટ આવેલ છે.	રૂ. ૭૧.૭૦ લાખ	રૂ. ૦૭.૧૭ લાખ

નોંધ : ઈએમડી- ઈ- હરાજી વેબસાઈટ baanknet પર જમા કરાવાની રહેશે એટલે કે https:// baanknet.com પર ઉચ્ચત્તમ બીડર્સ કાઈનલ બીડ રકમના ૨૫ % રકમ ઈએમડી રકમ જે બેંકનેટ વોલેટમાં ભરેલ છે તે બાદ કર્યા બાદ બીજા બેંક ના કામકાજ ના દિવસો નીચે જણાવેલ RTGS/NEFT ની વિગતો જમા કરવાના રહેશે.

Account Name :	SARFAESI AUCTION PROCEEDS A/C
Beneficiary Account No. :	02620015181869
IFSC Code :	BARBOSALABA
Branch	Salabatpura, Surat

(૧) બોલી વધારાની રકમ દરેક લોટ નં. ૧ માટે રૂા.૨૫,૦૦૦/- (૨) ઈચ્છુક બીડરો ઓનલાઈન ટ્રેનીંગ માટે સર્વિસ પ્રોવાઈડર PSB Alliance (BAANKNET Auction Portal) (Tel Helpline No. +91 8291220220 and Mr. Kashyap Patel (Mobile No. 9327493060), Helpline E-mail ID : Support.BAANKNET@psballiance.com અને મિલકત સંબંધિત કોઈ જાણકારી માટે શ્રી રાસ ચરણ, ચીફ મેનેજર, (મોબાઈલ નં. : ૮૮૮૦૦૨૬૬૭૫) Mail ID : salaba@bankofbaroda.co.in નો સંપર્ક કરી શકે છે. (૩) ઈચ્છુક બીડરોને સલાહ આપવામાં આવે છે કે તેમની બીડ રજુ કરતા પહેલા વેચાણ અંગેના નિયમો અને શરતો અને પ્રક્રિયા વિગતે જાણવા માટે website: https:// baanknet.com જુઓ. (૪) ઈચ્છુક બીડરોને સલાહ આપવામાં આવે છે કે ફાયનાન્સીયલ કાર્યવાહી શરૂ થતાની સાથે અને કાર્યવાહી પૂર્વ થવા પહેલા ૨૫% રકમ (ઈએમડી બાદ કરતાં) જમા કરાવવાની રહેશે અને ૭૫% રકમ ની ચુકવણી ૧૫ દિવસમાં કરવાની રહેશે. જો પંદરમો દિવસ રવિવાર અથવા કોઈ અન્ય રજાનો દિવસ હોય તો ત્યાર પછીના બેંકના કામકાજના દિવસે ચુકવવાના રહેશે. સમય વધારી આપવા માટેને કોઈપણ રજૂઆત માન્ય રહેશે નહી. (૫) આ હરાજીમાં મુકેલ મિલકતો 'જ્યાં છે ત્યાં છે', 'જે છે તે છે' અને 'જેમ છે તેમ' ના ધોરણે કરવામાં આવશે. (૬) હરાજીની વિગતો નીચે મુજબ છે.

હરાજીની વિગતો

૧	**મિલકતોનુ નિરીક્ષણ**	**૧૮.૦૨.૨૦૨૬, સવારે ૧૧.૦૦ થી સાંજે ૦૨.૦૦ વાગ્યા સુધી**
૨	**ઈએમડી સાથે બીડ સ્વીકારવાની અને પેમેન્ટ ના પ્રકારના પુરાવા સાથે કેઝયુમેન્ટ્સ અપલોડીંગ કરવાની છેલ્લી તારીખ**	**૨૪.૦૩.૨૦૨૬ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી**
૩	**ઈ-હરાજી**	**૨૫.૦૩.૨૦૨૬ બપોરે ૧૨.૦૦ થી ૦૧.૩૦ દરમ્યાન (નિયમ મુજબના ઓટોમેટીક ૦૩ મિનીટના વધારા સાથે ઈ-હરાજીની પૂર્ણતા સુધી)**

(અનુભા દુબે)
રીકવરી ઓફિસર-I,
ડેબ્ટસ રિકવરી ટ્રીબ્યુનલ-II,
અમદાવાદ

ધી સૂરત પીપલ્સ કો-ઓ. બેન્ક લિ.

સ્થાપના : ૧૯૨૨ — મલ્ટી સ્ટેટ શિડ્યુલ બેન્ક
રજીસ્ટર્ડ/ સેન્ટ્રલ ઓફિસઃ 'વસુધારા ભવન', ટીમલીયાવાડ, નાનપુરા, સુરત - ૩૯૫૦૦૧,
ફોન.: (+૯૧-૦૨૬૧) ૨૪૬૪૬૨૧ થી ૪૬૨૪,ટોલ ફ્રી નં.: ૧૮૦૦૨૩૦૭૨૨,
ઈ-મેઈલઃ info@spcbl.in, વેબસાઇટઃ www.spcbl.in

બેન્ક માટે મિલકત ભાડેથી જોઇએ છે.

બેન્કને બારડોલી, પાલનપોર - કેનાલ રોડ, અમરોલી-છાપરાભાઠા-કોસાડ રોડ,કામરેજ ચાર રસ્તા વિસ્તાર માં નીચેના ધારાધોરણ મુજબ બેન્કને અનુરુપ જગ્યા ભાડેથી જોઇએ છે
૧. જે તે વિસ્તારમાં મેઇનરોડ ના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર
૨. આશરે ૧૨૦૦ થી ૨૦૦૦ સ્કે. ફુટ કાર્પેટ એરિયા
૩. ચોખ્ખા ટાઇટલ અને સ્વતંત્ર કબજાવાળી મિલકત
૪. સ્ટાફ તથા ગ્રાહક પાર્કિંગની સુવિધા સાથે
૫. સંપૂર્ણ પેમેન્ટ ચેક દ્વારા કરવામાં આવશે.
આપની ઓફર ઉપર જણાવેલ સરનામે, બંધ કવરમાં મિલકતના લેટેસ્ટ વેરાબીલ, પ્રોપર્ટી કાર્ડની નકલ સાથે તા. ૧૫.૦૧.૨૦૨૬ સુધીમાં મોકલશો અથવા આ વિગત info@spcbl.in ઇમેઇલ પર પણ મોકલી શકશો.

તા. ૦૬/૦૧/૨૦૨૬ — મેનેજીંગ ડીરેક્ટર

જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને ચેતવણી આપતા જણાવવાનું કે અમો નીચે સહી કરનાર રેખાબેન જગદીશભાઈ પરીખ, રહે. પટેલ ફળીયું, મુ.પો. સેવણી, તા. કામરેજ, જી. સુરતનાં બાજુમાં બતાવેલ ફોટા વાળી વ્યકિત મારો પુત્ર છે. જેનું નામ હર્ષીત જગદીશભાઈ પરીખ, રહે. પટેલ ફળીયું, મુ.પો. સેવણી, તા. કામરેજ, જી. સુરતનાં તેઓ મારા કહ્યામાં નથી. તેઓ તા. ૦૪/૦૧/૨૦૨૬ નાં રોજ ઘરેથી કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયેલ છે અને હવે પછી મારી સાથે કે મારા કુટુંબ સાથે એને કોઇ લેવા દેવા કે સંબંધ રહયો નથી. જેથી હર્ષીત જગદીશભાઈ પરીખ સાથે કોઇપણ વ્યકિતએ નાણાકીય લેવડ-દેવડ કરવી નહીં. હવે પછી જે કોઇ વ્યકિત એની સાથે નાણાકીય લેવડ-દેવડ કે અન્ય કોઇ રીતે સંબંધ કે વ્યવહાર કરશે કે કરાવશે અથવા પહેલા પણ કર્યો હોય તો તે વ્યકિતની પોતાની જવાબદારી રહેશે. હાલમાં હમોએ હર્ષીત જગદીશભાઈ પરીખને અમારી સંપુર્ણ મિલકત માંથી બેદખલ કરેલ છે. જેની લાગતા-વળગતા એ નોંધ લેવી.

તા. ૦૫/૦૧/૨૦૨૬

મારી મારફત,
પ્રવિણ રમેશભાઈ પાઠક - એડવોકેટ
જી/૧૨, રિધ્ધી એપાર્ટમેન્ટ, કામરેજ ચાર રસ્તા
તાઃ- કામરેજ જી. સુરત
મો. ૯૯૯૮૭ ૫૦૭૭૦

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનુ કે સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ **ઓલપાડ**ના, મોજે **ગામ વડોલી**ના **રે.સં.નં./બ્લોક નં.** ૬૭૩ વાળી જમીન જેનું ક્ષેત્રફળ **હે.આરે. ૧-૫૭-૮૧ ચો.મી.** થાય છે. જેનો **આકાર રૂા. ૧૭.૪૪ પૈસા** છે તે જમીન **ઠાકોરભાઈ મોહનભાઈ પટેલ, નટવરભાઈ મોહનભાઈ પટેલ, ડાહ્યાભાઈ મોહનભાઈ પટેલ** વિગેરેનાઓ તમામ રહે. મોજે અણીતા, તા. ઓલપાડનાઓની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી છે. જેઓ સદર જમીન પત્યક્ષ માલીકી, કબજા, વહીવટ, વ્યવસ્થા હેઠરની હોવાનુ તેમજ નકરજુ, નબોજા, ચોખ્ખા ટાઇટલ કલીયર અને માર્કેટેબલ ટાઇટલવાલી આવેલ જણાવી હમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. સદર જમીન ઉપર અન્ય ભાગીદારો, વારસદારો, કોઈ પણ ત્રાહિત વ્યકિત સંસ્થા, મંડળી બેંક, વિગેરે કોઇને કોઈ પણ જાતનો લાગ-ભાગ, હકક, હિસ્સો, દર-દાવો, વાંધો-હરકત, હિત-સંબંધ, બોજો હોય તો તે અંગે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭** માં અમોને લેખિતમાં પુરાવા સાથે જાણ કરવી. મુદત વિત્યે અમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજીસ્ટર દસ્તાવેજ અવેજ ચુકવી ટુક સમયમાં કરાવી લેનાર છે. ત્યાર બાદ સદરહુ જમીન અંગે કોઇના કોઇ પણ જાતના વાંધા તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ ગંભીર નોધ આ નોટીસથી લેવી.

સ્થળ : સુરત તા. ૦૫.૦૧.૨૦૨૬
સરનામું : U-8, સાઈ હેવન કોમ્પલેક્ષ, ચલથાણ, તા.પલસાણા, જી. સુરત
મો.નં. ૯૨૬૫૭ ૫૯૦૩૩ / ૭૩૮૩૭ ૮૯૨૧૪,

અમારા અસીલની સુચના અને ફરમાઈશથી **કેયૂર કે. કપલેટીયા**
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વે ને જણાવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ,સબ ડીસ્ટ્રીકટ ઓલપાડ ના મોજે **સીમલથુ** ના રેવન્યુ **બ્લોક નં.૧૩૪/પૈકી ૨** વાળી ખેડખાતાની જુનીશરતની ખેતીની પીયત જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી ૧-૧૬-૩૫ જમીન જેનો આકાર રૂા.૧૫.૨૫ પૈસા છે તે જમીનના માલીક કબજેદાર તરીકે **(૧) મંજુલાબેન તે રણધીરભાઈ ભગુની વિધવા (૨) નયનાબેન રણધીરભાઈ (૩) સંગીતાબેન રણધીરભાઈ (૪) સુભાષભાઈ રણધીરભાઈ**નાઓની સંયુકત માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટા, વહીવટી, વ્યવસ્થા,વપરાશ ની ચાલી આવેલા હોવાનુ જણાવી ઉપરોકત જમીનના તમામ ટાઈટલ કલીયર અને ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ સાથે તમામ બોજા મુકત જણાવી અમારા અસીલને સદરહુ જમીન વેચાણથી આપવા નકકી કરેલ છે જેથી સદરહુ જમીન અંગે જે કોઈ ઈસમ,સંસ્થા, કે કોઈના પણ કોઈપણ પ્રકારના નો લાગભાગ, હકક, હિત, હિસ્સો, કે દરદાવો, લખાણો, કરારો, સાટાખત વિગેરે હોય કે કબજા ભોગવટા અંગે કે રસ્તા અંગે યા ઈઝમેન્ટ રાઈટસ,લીયન ચાર્જ,લેણા યા બોજા હોય કે તર-તકરાર હોય કે બોજો હોય તો તેવી વ્યકિત,ઈસમ સંસ્થાઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૧૦ માં** જરૂરી દસ્તાવેજી પુરાવા સહીત અમોને નીચે જણાવેલ સરનામે રૂબરૂ મળી ખાતરી કરાવી જવી. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહુ જમીન અંગે કોઈના કોઈપણ પ્રકારના હકક,હીત,સબંધ યા અધિકાર નથી કે તર-તકરાર નથી અને છે તો તે જતા યાને વેવ કર્યા છે તેમ માની અમારા અસીલ મુદત વિત્યે સદરહુ જમીન અંગે રજીસ્ટર્ડ પાકા લખાણો કરી કરાવી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યકિત સંસ્થાની કોઈપણ પ્રકારની તર-તકરાર કે વાંધા ચાલશે નહી. જેની જાહેર જનતાએ, હરકોઈ ઈસમ, સંસ્થાએ તથા તેને લાગતા વળગતાઓએ નોંધ લેવી. **ઉપરોકત નોટીસ અસીલની સુચના અને ફરમાઈશી આપેલ છે.**

(તા.૦૬/૦૧/૨૦૨૬)
ઓફીસઃ ૧૦૩, મોડર્ન શોપી, વિજય ડેરીની સામે, પાલનપુર પાટીયા, રાંદેરરોડ, સુરત. મો.૭૯૯૦૦૮૦૩૮૨

હરીશ કે. પટેલ
તરંગ ડી. પટેલ
તે ખરીદનારના એડવોકેટસ

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

**ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ તાલુકો ઓલપાડના મોજે ગામ સેલુતનાં સરવે/બ્લોક નં. ૨૮૩, જુનો સર્વે નં. ૧૬૮/૩ કે જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦-૦૫-૦૬ ચો.મી. છે જેનો આકાર રૂ. ૦.૭૫ પૈસા છે જેનો ખાતા નં. ૬૪૫ છે, તે જુની શરતની ખેતીની જમીન કલ્પ